> વેચાણને કારણે નામ તબદીલ થતાં મોટર વાહનો પર ઉચ્ચક વેરો વસુલવા બાબત.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૬,૨/૩ માળ,
ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક એમવીપી-વેરાનાદર-૧૫૫૭
તારીખ . ૧- ૪ -૨૦૧૦.

## -: પ રિ પ ત્ર :-

**વંચાણે લીધા:-**

૧. મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, નં. ૫/૨૦૧૦
૨. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૮-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦ .

**આમુખ:-**

વંચાણે લીધા (૧) થી મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ ,૧૯૫૮ માં સુધારો કરી વેચાણના કારણે વાહનની માલીકી તબદીલ થાય ત્યારે ખરીદનાર ધ્વારા ઉચ્ચક વેરો ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) થી રાજય સરકારે આ વેરાના દર અને ગણતરીની પધ્ધતિ ના અમુક સ્પષ્ટિકરણ સાથે જાહેરનામા બહાર પાડેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. કાયદામાં કરેલ ફેરફારો મુજબ નીચે પ્રમાણેની પરિસ્થિતિ ઉપસ્થિત થયેલ છે.

૧. વાહનની માલીકી વેચાણ ધ્વારા બદલાય તેવા સંજોગોમાં આ નવો વેરો લાગુ પડે છે.
૨. આ વેરો જે વાહનો રાજયમાં નોંધાયેલા હશે અને જે વાહનો માટે ઉચ્ચક વેરો અગાઉ ભરાયેલ છે તેવા વાહનો પર જ અમલી બને છે. આ વેરો માલિકીની તબદીલીની અરજી સાથે ભરવાનો રહેશે.

**વેરાના દરો**

વાહનો માટે જે ઉચ્ચક વેરો ભરવામાં આવેલ છે તે ઉચ્ચક વેરાના ૧૫ ટકાના ધોરણે આ વેરાની ગણતરી કરવાની થાય છે. વાહને તેની નોંધણીની તારીખથી તબદીલીની તારીખે આઠ વર્ષ પુરા કરેલ હોય તો તે વાહનના કીસ્સામાં આ વેરાનો દર ભરેલ ઉચ્ચક વેરાના ૧ ટકા અથવા રૂા. ૧૦૦/- બેમાંથી જે વધુ હોય તે પ્રમાણેનો રહેશે. આ વેરો ભરવામાંથી નીચે જણાવ્યા પ્રમાણેના વાહનોને મુકિત આપવામાં આવેલ છે.
૧. ખેતી વિષયક ટ્રેકટર
૨. ત્રણ મુસાફરોનો સમાવેશ કરતી ઓટો રીક્ષા
૩. ૨૫૦ કી.ગ્રા. સુધીનું અનલેડન વેઈટ ધરાવતા વિકલાંગો માટે વપરાતા વાહન.

**ઉચ્ચક વેરાની ગણતરી**

આ વેરો ભરવા માટે જે તે વાહન સંબંધમાં અગાઉ ભરેલ ઉચ્ચક વેરો ધ્યાનમાં લેવાનો થાય છે. જેથી જુદા જુદા કિસ્સાઓમાં ઉચ્ચક વેરાની ગણતરી નીચે મુજબ કરવાની રહે છે.
૧. વાહન ગુજરાત રાજયમાં નવા વાહન તરીકે નોંધાયેલ હોય ત્યારે :-
વાહનની નોંધણી વખતે જે ઉચ્ચક વેરો આપવામાં આવેલ હોય તે વેરો

૨. વાહન ગુજરાત રાજયમાં શીડયુલ-૧ ના વાહન (રીકરીંગ ટેક્ષ ભરતાં વાહનો)તરીકે નોંધાયેલ હોય ત્યારે :-

(અ) આ વાહન જયારે શીડયુલ-૧(રીકરીંગ ટેક્ષ ભરતાં વાહનો) માંથી શીડયુલ-૨(ઉચ્ચક વેરો ભરતા વાહનો)ના વાહન તરીકે બદલાયુ હોય ત્યારે વાહન ઉપર ભરાયેલ ઉચ્ચક વેરો.

(બ) શીડયુલ-૩(વૈકલ્પિક લમસમ વેરો)માં દર્શાવવામાં આવેલ વાહનના સંબંધમાં ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારવામાં આવેલ હોય તો તેવા વાહન ઉપર આ વિકલ્પ સ્વીકારતી વખતે ભરાયેલ વેરો .

૩. વાહન બીજા રાજયમાંથી ગુજરાતમાં કાયમી રીતે આવેલ હોય ત્યારે :-

આવા વાહનના કિસ્સામાં હાલની જોગવાઇ પ્રમાણે રાજયમાં રજીસ્ટ્રેશન કરતી વખતે ઉચ્ચકવેરો ભરવામાં આવે છે. આ વેરાની ગણતરી કરતી વખતે ઉચ્ચક વેરાની ગણતરીમાંથી તેની ઉંમર પ્રમાણે બાદ આપવામાં આવે છે. આવા વાહનના પુનઃ વેચાણના કિસ્સામાં આવી બાદ આપેલ રકમને ધ્યાનમાં લીધા સિવાયની ભરવા પાત્ર વેરાની રકમ ઉપર ખરીદનારે વેરો ભરવાનો થશે એટલે કે ઉંમરને કારણે વેરામાં મળેલ બાદ ને તબદીલી વખતના વેરા ની ગણતરીમાટે ધ્યાને લેવાશે નહીં.

૪. વ્યકિતગત, લોકલઓથોરીટી, યુનિવર્સીટી, શૈક્ષણિક સંસ્થા, સામાજીક કલ્યાણ સંસ્થા, પબ્લીકટ્રસ્ટ સિવાયની માલીકી અથવા ઇમ્પોર્ટેડ વાહનના કિસ્સામાં વેરો ભરવાની રીત :-

આવા વાહનના કિસ્સામાં ઉચ્ચક વેરો માલીકીની હકીકત પ્રમાણે વ્યકિતગત રીતે જે વેરો થાય તેના કરતા બે અથવા ચાર ગણો ભરવાનો થાય છે. આવા વાહનના પુનઃ વેચાણના કિસ્સામાં આવા વાહનનો વ્યકિતગત રીતે જેટલો વેરો ભરવાનો થાય તેટલો વેરો જ ગણતરીમાં લેવાનો થશે, નહી કે બે ગણો કે ચાર ગણો વેરો. (એટલેકે વાહનની મુળ કિંમત ઉપર છ ટકાના ધોરણે લાગતો વેરો).

વેરો ગણવાની પધ્ધતિની સરળ સમજુતી માટેના દાખલા પરિશિષ્ટ થી સામેલ છે.

<u>કાર્ય પધ્ધતિ :-</u>

૧. કોઇ પણ વાહનની પુનઃ વેચાણના કારણે માલીકી ફેરફાર કરવા માટે અરજી રજુ કરવામાં આવે ત્યારે આ અરજી સાથે ઉપરની જોગવાઇઓ મુજબ યોગ્ય રીતે વેરો ભર્યાની ખાતરી કર્યા પછી જ આ ફેરફાર અંગેની સંબંધિત દસ્તાવેજોમાં નોંધણી કરવાની રહેશે.

૨. વાહન તબદીલ થતા કરવાની થતી નવા માલીકની નોંધણી તેમજ આર.સી.બુકમાં ફેરફાર સાથે ખરીદનાર ધ્વારા આ વેરો ભરાય તે અંગેની ખાત્રી કરવાની રહેશે, જેથી માલીકી ફેરફારની કાર્યવાહી કરતી વખતે યોગ્ય રીતે વેરો ભર્યો છે તેની ખાત્રી કર્યા પછી જ માલીકી ફેરફાર અંગેની કાર્યવાહી કરવાનું જણાવવામાં આવે છે.

વેરો ભરવા અંગે બાકીની સુચનાઓ મુળ વેરો ભરવા માટે આપેલ સુચનાઓ મુજબ યથાવત જ રહેશે.

ઉકત સુચનાઓ પ્રમાણે કાર્યવાહી કરવા સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

સહી/-
વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

રવાના કરવા અધિકૃત,

સંયુકત વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.

નકલ રવાના પ્રતિ,

૧. અંગત મદદનીશશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહારનું કાર્યાલય , રજો માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર- અ.મુ.સશ્રી ને સવિનય જાણ સારૂ.

૨. નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રજો બ્લોક, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર- જાણ સારૂ.

૩. તમામ આરટીઓ/એઆરટીઓ/ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ/ ઇન્ચાર્જશ્રી મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી -જાણ તથા અમલ સારૂ.

## "પરિશિષ્ટ"

### વેચાણથી નામ તબદીલ થવાના કીસ્સામાં વેરાની ગણતરીની સમજૂતી માટેના દાખલા

<table>
<tr><th>અ.નં.</th><th>દાખલો</th><th>સમજૂતી</th></tr>
<tr><td>૧</td><td>ગુજરાત રાજયમાંતા. ૧-૩-૨૦૦૯ના રોજ નોંધાયેલી મોટરકાર તા. ૧-૫-૨૦૧૦નાં રોજ તબદીલ થવા માટે આવે છે તો તેની પર કેટલો વેરો લેવાનો રહેશે?</td><td>નોંધણી વખતે ભરાયેલો લમસમ વેરો ગણતરીમાં લેવાનો રહેશે.
<table>
<tr><td>ભરાયેલ લમસમ વેરો</td><td>રૂા. ૧૮,૦૦૦/-</td></tr>
<tr><td>તબદીલ વખતે આ વેરોના ૧૫ % લેખે વેરો ખરીદનારે ભરવાનો રહેશે.</td><td>રૂા.૧૮,૦૦૦X૦.૧૫<br>=રૂા. ૨,૭૦૦/-</td></tr>
</table></td></tr>
<tr><td>૨</td><td>એક સ્કુટર મહારાષ્ટ્રમાં તા. ૧-૮-૦૬નાં રોજ નોંધાયેલ છે જે તા. ૧-૮-૦૯નાં રોજ ગુજરાત રાજયમાં કાયમી રીતે નોંધાય છે. આ વાહન તા. ૧-૫-૧૦નાં રોજ તબદીલ થાય છે. તો તેની પર કેટલો ટેક્ષ થશે?</td><td>
<table>
<tr><td>વાહન ગુજરાતમાં આવ્યા તા. ૧-૮-૨૦૦૯ તે વખતે ઉંમર</td><td>૩ વર્ષ</td></tr>
<tr><td>તા. ૧-૪-૨૦૦૯ના રોજ વેચાણ કિંમત</td><td>રૂા. ૩૦,૦૦૦/-</td></tr>
<tr><td>૬ % લેખે ઉચ્ચકવેરો</td><td>રૂા.૩૦,૦૦૦ X ૦.૦૬<br>=રૂા. ૧,૮૦૦/-</td></tr>
<tr><td>વાહન ત્રણ વર્ષ જુનુ છે તેથી વસુલવા પાત્ર વેરો</td><td>વેરાના ૮૫ %</td></tr>
<tr><td>ગુજરાતમાં નોંધણી વખતે ભરવા પાત્ર વેરો</td><td>રૂા. ૧,૮૦૦ X ૦.૮૫<br>=રૂા. ૧,૫૩૦/-</td></tr>
<tr><td>તબદીલી તા. ૧-૫-૨૦૧૦ ભરવા પાત્ર વેરો</td><td>ગુજરાતમાં નોંધણી વખતે ભરવા પાત્ર વેરામાંથી ઉંમરનો બાદ આપ્યા સિવાયનો નવા વાહન તરીકેનો વેરો રૂા. ૧,૮૦૦/-</td></tr>
<tr><td>તબદીલી વખતે ભરવા પાત્ર વેરો</td><td>રૂા. ૧,૮૦૦ ના ૧૫ %<br>=રૂા. ૨૭૦/-<br>(૧,૮૦૦ X ૦.૧૫)</td></tr>
</table></td></tr>
<tr><td>૩</td><td>એક મેક્ષીકેબ ગુજરાતમાં તા. ૧-૨-૦૪નાં રોજ નોંધાયેલી છે. તેના માલીકે તા. ૧-૮-૨૦૦૯નાં રોજ લમસમ વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારેલ છે. તે વખતે તા.૧-૪-૨૦૦૯ની સ્થીતિએ થતી સેલ પ્રાઇસ રૂા. ૫,૦૦,૦૦૦/- ના ૧૨ % લેખે વેરો ગણી રૂા. ૬૦,૦૦૦/-માંથી વાહનની ઉંમર પાંચ વર્ષ ગણી ૭૫ % લેખે રૂા. ૪૫,૦૦૦/- વેરો ભરપાઇ કરેલ છે. આ વાહન તા. ૧-૫-૧૦નાં રોજ વેચાણ થી તબદીલ થવા આવે છે તો આ વાહન પર ખરીદનારે કેટલો ટેક્ષ ભરવાનો રહેશે ?</td><td>
<table>
<tr><td>નોંધણી તારીખ</td><td>તા.૧-૨-૨૦૦૪</td></tr>
<tr><td>લમસમ વેરાનો વિકલ્પ સ્વિકાર્યા તારીખ</td><td>તા.૧-૮-૨૦૦૯</td></tr>
<tr><td>તારીખ ૧-૪-૨૦૦૯ના રોજ ની સેલપ્રાઇસ</td><td>રૂા. ૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>વ્હીકલ દીઠ ઉચ્ચક વેરાનો દર</td><td>સેલપ્રાઇસના ૧૨%</td></tr>
<tr><td>લમસમનો વિકલ્પ લેતી વખતે ભરેલો ટેક્ષ</td><td>રૂા. ૪૫,૦૦૦/-</td></tr>
<tr><td>તેના ૧૫ % લેખે વેરો ભરવાનો રહેશે એટલે કે</td><td>રૂા.૬,૭૫૦/-<br>ભરવાનો રહેશે.</td></tr>
</table></td></tr>
</table>

<table>
<tr><th>અ.નં.</th><th>દાખલો</th><th>સમજૂતી</th></tr>
<tr><td>૪</td><td>એક મોટર કાર અન્ય રાજયમાં તા. ૧-૪-૨૦૦૫ નાં રોજ નોંધાયેલ છે. તે તા. ૧-૪-૦૯ના રોજ ગુજરાત રાજયમાં કાયમી રીતે લાવવામાં આવે છે અને ગુજરાતનો નવો નંબર લેવામાં આવે છે. આ નંબર લેતી વખતે આ કારની ઉંમર ૪ વર્ષની ગણવાની થશે. કારની વેચાણ કીંમત રૂા. ૪,૦૦,૦૦૦/- છે. તેની પર ૬ %લેખે ગણતરી કરતાં ટેક્ષ રૂા. ૨૪,૦૦૦/- થશે. આ કાર ૪ વર્ષ જુનુ હોય હાલની જોગવાઇ મુજબ રૂા. ૨૪,૦૦૦/- ની રકમના ૮૦ % લેખે કર ભરવાપાત્ર થશે. અર્થાત રૂા. ૧૯,૨૦૦/- ભરવા પાત્ર થશે. આ વાહનનું તા. ૧-૪-૨૦૧૦ પછી વેચાણ થશે ત્યારે નામ તબદીલી વખતે ખરીદનારે કેટલો ટેક્ષ ભરવાનો થશે ?</td><td>
<table>
<tr><td>નોંધણી તારીખ</td><td>તા.૧-૪-૨૦૦૫</td></tr>
<tr><td>ગુજરાત રાજયમાં નવો નંબર લીધા તારીખ</td><td>તા.૧-૪-૨૦૦૯</td></tr>
<tr><td>ગુજરાતમાં નવો નંબર લેતી વખતે વાહન ની ઉંમર</td><td>૪વર્ષ</td></tr>
<tr><td>વાહનની વેચાણ કિંમત</td><td>રૂા. ૪,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>ભરવા પાત્ર વેરાનો દર</td><td>વેચાણ કિંમતના ૬%</td></tr>
<tr><td>નવા વાહન તરીકે ભરવા પાત્ર વેરો</td><td>રૂા. ૨૪,૦૦૦/-</td></tr>
<tr><td>ચાર વર્ષ વાહન જૂનુ છે તેથી બાદ મળતા ભરવા પાત્ર વેરો-નવા વાહન તરીકે ભરવા પાત્ર વેરાના ૮૦%</td><td>રૂા. ૧૯,૨૦૦/-</td></tr>
<tr><td>ગુજરાતમાં નોંધણી વખતે જો વાહન નવું હોય તો ભરવા પાત્ર વેરો</td><td>રૂા. ૨૪,૦૦૦/-</td></tr>
<tr><td>તેથી તે વેરાના ૧૫% લેખે એટલેકે</td><td>રૂા. ૩,૬૦૦/-</td></tr>
</table>
</td></tr>
<tr><td>૫</td><td>એક કાર તા. ૧-૫-૦૯ નાં રોજ કંપનીના નામ પર નોંધાયેલ છે. વેચાણ કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/- છે, તેથી તેની પર ૬ % લેખે રૂા. ૩૦,૦૦૦/- મુળ વેરો થશે. પરંતુ કંપનીની માલીકી છે તેથી બમણો કર રૂા. ૬૦,૦૦૦/- ભરવા પાત્ર થશે. આ વાહન તા. ૧-૭-૨૦૧૦નાં રોજ તબદીલ થાય છે તો ખરીદનારે કેટલો વેરો ભરવાનો રહેશે ?</td><td>બમણો વેરો લક્ષમાં લેવાનો નથી. પરંતુ મુળ વેરો રૂા. ૩૦,૦૦૦/- લક્ષમાં લઇ તેના ૧૫ % લેખે રૂા. ૪,૫૦૦/- વેરો ખરીદનારે ભરવાનો થશે.</td></tr>
<tr><td>૬</td><td>એક આયાતી મોટરકાર વ્યકિતગત માલીકીના નામે તા. ૧-૭-૦૯ નાં રોજ ગુજરાતમાં નોંધાયેલ છે. જેની વેચાણ કિંમત રૂા. ૨૫,૦૦,૦૦૦/- છે. નોંધણી વખતે વેચાણ કિંમતના ૬ % લેખે રૂા. ૧,૫૦,૦૦૦/- ગણી તેના બમણા એટલે કે રૂા. ૩,૦૦,૦૦૦/- ઉચ્ચક વેરો ભરાયેલ છે. આ વાહન તા. ૧-૧૦-૨૦૧૦નાં રોજ તબદીલ થાય છે તો ખરીદનારે કેટલો વેરો ભરપાઇ કરવાનો થશે?</td><td>વાહનનો મુળ વેરો તેની વેચાણ કિંમત રૂા. ૨૫,૦૦,૦૦૦/- નો ૬ % લેખે રૂા. ૧,૫૦,૦૦૦/- થાય છે તે ગણતરી લઇ તે વેરાના ૧૫ % લેખે એટલે કે રૂા. ૨૨,૫૦૦/- ખરીદનારે ભરવાનો થશે. બમણો વેરો ધ્યાનમાં લેવાનો નથી.</td></tr>
<tr><td>૭</td><td>ઉપરોકત (ક્રમ-૬માં દર્શાવેલ) વાહન કંપનીના નામે નોંધાયેલ છે. તેથી કંપની ધ્વારા ભરપાઇ થયેલ ઉચ્ચકવેરો રૂા. ૬,૦૦,૦૦૦/- છે. આ વાહન તા. ૧-૧૦-૨૦૧૦નાં રોજ તબદીલ થાય છે તો ખરીદનારે કેટલો વેરો ભરપાઇ કરવાનો થશે.</td><td>વાહનનો મુળ વેરો તેની વેચાણ કિંમત રૂા. ૨૫,૦૦,૦૦૦/- ના ૬ % લેખે રૂા. ૧,૫૦,૦૦૦/- થાય છે તે ગણતરીમાં લઇ તેના ૧૫ %લેખે એટલે કે રૂા. ૨૨,૫૦૦/- ખરીદનારે ભરવાનો થશે. કંપની અને આયાતીના કીસ્સામાં ચાર ગણો વેરો ધ્યાનમાં લેવાનો નથી.</td></tr>
</table>

| અ.નં. | દાખલો | સમજૂતી |
|---|---|---|
| ૮ | એક ૫ ટનનું ગુડઝ વાહન છે. જેનો અગાઉ છ માસીક/વાર્ષિક રીતે વેરો ભરપાઇ થતો હતો. કાયદામાં સુધારા બાદ આ વાહન પર હવે ઉચ્ચક વેરો ભરવાનો થશે. આ વાહનની નોંધણી તા. ૧-૭-૦૮ની છે. વાહન પર હવે લમસમ વેરો તા. ૧-૪-૨૦૧૦ની સ્થિતીએ વેચાણ કિંમતના ૬ % લેખે ગણવાનો રહેશે. વેચાણ કિંમત રૂા. ૪,૦૦,૦૦૦/- છે. તેથી વેરો રૂા. ૨૪,૦૦૦/- થશે. વાહન ૧ વર્ષથી વધુ પરંતુ બે વર્ષ સુધીની ઉંમરનું છે. તેથી રૂા. ૨૪,૦૦૦/- નાં ૯૦ % લેખે વેરો ભરવાનો રહેશે. જે રૂા. ૨૧,૬૦૦/- થાય છે. આ વાહન તબદીલ થાયતો કેટલો વેરો ભરપાઇ કરવો પડશે ? | વાહન જયારે લમસમ પધ્ધતિમાં દાખલ થયું ત્યારે ભરવા પાત્ર રકમ રૂા. ૨૧,૬૦૦/- નાં ૧૫ % લેખે રૂા. ૩,૨૪૦/- ભરવા ની થશે. |
| ૯ | એક મોટરકાર જેની નોંધણી ગુજરાત રાજયમાં તા. ૧-૯-૯૮નાંરોજ થયેલ છે. તે વખતે ભરેલ ઉચ્ચક કર રૂા. ૨૦,૦૦૦/-છે. આ વાહન તા. ૧-૯-૧૦નાં તબદીલ થવા આવે ત્યારે ખરીદનારે કેટલો વેરો ભરપાઇ કરવાનો રહેશે? | નોંધણી તારીખથી તબદીલી સમયે વાહનની ઉંમર ૮ વર્ષ થી વધારે છે. તેથી તેની પર વેરાનો દર ૧ % અથવા રૂા. ૧૦૦/- એ બેમાંથી જે વધુ હોયતે ભરવાનો રહેશે. આ કીસ્સામાં નોંધણી વખતે ભરાયેલ વેરો-રૂા. ૨૦,૦૦૦/- તેના ૧ % રૂા. ૨૦૦/- આમ, ખરીદનારે રૂા. ૨૦૦/- વેરો ભરવાનો રહેશે. |
| ૧૦ | એક મોટર સાયકલ તા. ૧-૯-૯૫નાં રોજ નોંધાયેલ છે અને ઉચ્ચકવેરો રૂા. ૧,૦૦૦/- ભરાયેલ છે. તે તા. ૧-૯-૨૦૧૦નાં રોજ તબદીલ થવા આવે છે તેની તબદીલી વખતે ભરવા પાત્ર વેરો કેટલો થશે ? | નોંધણી તારીખથી તબદીલીની તારીખે વાહનની ઉંમર ૮ વર્ષથી વધુ છે. તેથી વેરાનો દર ભરેલ ઉચ્ચક કરના ૧ % અથવા રૂા. ૧૦૦/- એ બે માંથી જે વધુ હોય તે થશે. આ કીસ્સામાં ભરાયેલ ઉચ્ચકવેરો રૂા. ૧,૦૦૦/- તેના ૧ % રૂા. ૧૦/- આ કીસ્સામાં ૧ % લેખે ગણતા રુા. ૧૦/- કરતાં રૂા. ૧૦૦/- વધુ હોય રૂા. ૧૦૦/- વસુલ કરવાના રહેશે. |